
## જન્મદિને વધામણી



**બિપીન રાવલ**
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મેનેજિંગ ટ્રસ્ટી, શાંતિનિકેતન સ્કૂલ
મો. ૯૪૨૯૪ ૩૭૫૭૫



**ચેતના બુચ**
મંત્રી, જ્યોતિ મહિલા મંડળ
મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮



**યોગેશ કે ગાંધી**
મો. ૯૭૨૭૧ ૬૫૫૫૭



**તન્વી મુંજાલ રાવલ**
મો. ૯૯૭૮૯૬૭૮૦૯



**સુરજ બ્રહ્મભટ્ટ**
મો. ૭૮૭૪૧ ૮૧૨૨૩

# શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ દ્વારા બે પુસ્તકોનું વિમોચન





ગાંધીનગર, તા. ૧૮

શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, ગુજરાત પ્રાંત દ્વારા રાજભવનમાં આયોજિત કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ શિલોંગના શ્રી સલીલ ગેવાલી દ્વારા લિખિત 'ગ્રેટ માઈન્ડસ ઓન ઈન્ડિયા'નું ગુજરાતીમાં અનુવાદિત પુસ્તક 'ભારત શું છે' તથા 'દરદપુર' પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે 'ભારત શું છે' અને 'દરદપુર' આ બન્ને પુસ્તકો મૂલ્યવાન છે. 'ભારત શું છે' પુસ્તકે ભારતીય પ્રજ્ઞા-મનીષાને ઉજાગર કરી છે અને તે રાષ્ટ્રીય સ્વાભિમાનને જગાવનારું છે, જે યુવાનો-વિદ્યાર્થીઓ માટે વાંચન યોગ્ય છે. તેમણે 'દરદપુર' પુસ્તક જે કાશ્મીરના નિરાશ્રિતો પર લખાયેલ છે, જેમાં નિરૂપાયેલ વિષયવસ્તુ આપણે કરૂણાનો ભાવ જન્માવે છે. તેમણે બન્ને પુસ્તકોના લેખકો અનો અનુવાદકોનો અભિનંદન આપ્યા હતા.

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે આ બન્ને પુસ્તકોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે, જે ખરેખર પ્રશંસનીય બાબત છે. તેમણે બન્ને લેખકો અને અનુવાદકોને અભિનંદન આપ્યા હતા અને તેમના પ્રયાસોને બિરદાવ્યા હતા.

પ્રારંભમાં શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના સચિવ શ્રી અતુલભાઈ કોઠારીએ 'ભારત શું છે' પુસ્તકના મૂળ લેખક શ્રી સલીલ ગેવાલીનો પરિચય આપ્યો હતો. જ્યારે 'દરદપુર' પુસ્તકના અનુવાદક શ્રીમતી વંદનાબહેન ભટ્ટને અભિનંદન આપ્યા હતા.

શ્રી સલીલ ગેવાલી અનો શ્રીમતી વંદનાબહેન ભટ્ટે તેમના પુસ્તકો વિશે માહિતી આપી હતી.

## એમ બી પટેલ શાળાનું ગૌરવ





ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી અને નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટરના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ઊર્જા બચત અને પુનઃપ્રાપ્ય ઊર્જા વિષયે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ-૬માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની દિપીકા પટેલ તથા ધોરણ-૭માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની અર્પણા કે બારોટે વિજેતાપદ મેળવી પાંચ હજારનો રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો.

વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન શિક્ષક દિવ્યેશભાઈ રાવલ દ્વારા આપવામાં આવ્યું હતું. આચાર્યા નીરૂબેન જે પટેલે શાળા પરિવાર વતી બંને વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## 'અભિલેખાગાર' વિષયે પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

એન એસ પટેલ આર્ટ્સ કૉલેજમાં ૮૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ સમક્ષ 'ઐતિહાસિક સાધનો: અભિલેખાગાર' વિષયે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન ઈતિહાસ વિભાગના વડા ડૉ. મૌલિશભાઈ પંડ્યાએ કર્યું હતું. સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના પ્રૉ. ડૉ. હેમંત દવે તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વડા તથા ડૉ. પ્રફુલ્લાબેન રાવલે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. ગુજરાત રાજ્ય અભિલેખાગાર ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી શાહે વિષય અન્વયે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું અને વિદ્યાર્થીઓને ભારતનાં ગૌરવરૂપ ઐતિહાસિક સાધનોની અગત્યતા સમજાવી તેમની જાળવણી કરવા અનુરોધ કર્યો હતો. તેમણએ ગુજરાતનાં જૂનાં દેશી રાજ્યોના ૧૨૫ વર્ષ કરતાં વધારે જૂના ઐતિહાસિકા દસ્તાવેજો પણ વિદ્યાર્થીઓને બતાવ્યા હતા તથા વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. ડૉ. મિનાક્ષીબેન જાનીએ આભારવિધિ કરી હતી.

## અંધ શાળાનાં બાળકો રાજ્યપાલની મુલાકાતે






સર્વિસ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ, ગાંધીનગર સંચાલિત અંધ વિદ્યાર્થીઓ માટેની શાળા અને છાત્રાલયના વિદ્યાર્થીઓ બુધવારે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની મુલાકાત લીધી હતી. આ શાળાના બાળકો સાથે રાજ્યપાલશ્રીએ રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો અને શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ, ખેલકૂદ તથા ઈત્તર પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, તેને બિરદાવી હતી. આ પ્રસંગે સંસ્થા સચિવશ્રી રહેમાનભાઈ અન્સારી તથા અન્ય હોદ્દેદારો તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ફિતૂર
૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
સનમ રે
૩.૦૦
ડેડપોલ (અંગ્રેજી-એ)
૧૨.૩૦, ૭.૪૫
ડેડપોલ (હિન્દી-એ)
૫.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
સનમ રે
૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧.૦૦, ૯.૪૫
પોલમ્પોલ (ગુજ.)
૪.૦૦
ઍરલિફ્ટ
૭.૧૫
**સ્ક્રીન-૫**
ફિતૂર
૧૦.૦૦, ૫.૧૫
સનમ રે
૧૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૨.૪૫

# શાયોના સ્કૂલનો ૧૧મો વાર્ષિકોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદ શહેરમાં સ્થિત શાયોના ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ૧૧મા વાર્ષિકોત્સવનું આયોજન ગુરુવારે ટાગોર હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. 'ડિફરન્ટ એજીસ ઓફ લાઈફ' તથા 'યુનિટી ઈન ડાયવર્સિટી' થીમ ઉપર આયોજિત આ વાર્ષિકોત્સવમાં જુનિયર કેજીથી માંડીને ધોરણ-૧૨ના કુલ ૮૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. 'સરયુ નદીના કિનારે' નામક નાટક પ્રેક્ષકોને પ્રભાવિત કરી ગયું હતું. કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન અભ્યાસ તેમજ ઈતર પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનારા વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા હતા. બેસ્ટ સ્ટુડન્ટ ઑફ ધ યરની ટ્રૉફી ધોરણ-૧૦ના વિદ્યાર્થી ધૃવીલ ત્રિવેદીનો એનાયત કરવામાં આવી હતી.

# દેશને તકની જરૂર છે, તકરારની નહીં

## એવી વસ્તુનો બિઝનેસ હાથ ધરો જે વસ્તુ લોકોને સૌથી વધુ સ્પર્શતી હોય, જેમાં લોકોને સૌથી વધારે રસ હોય; એવું કરશો તો તમારે બિઝનેસ શોધવા નહીં જવું પડે, બિઝનેસ તમને શોધતો આવશે

બુધવારે દેશની સૌથી મોટી ઘટના કઈ ? એવો સવાલ દેશના કોઈપણ રાજ્યમાં પૂછો તો મહત્તમ જવાબ આ જ આવશે : 'રૂા. ૨૫૧નો સ્માર્ટ ફોન લૉન્ચ થયો તે!' અને ગુરૂવારની મોટી ઘટના કઈ ? 'આ મોબાઈલ ફોન મેળવવા માટે અડધો દિવસ દેશના યુવાનો નેટ સર્ફ અને આખો દિવસ જેને ને તેને પૂછપરછ કરતા રહ્યા તે!'

હા, માત્ર ૨૫૧ રૂપિયામાં કોઈ મોબાઈલ ફોન મળે એ ઘટના દુનિયા માટે ભલે સમાચાર કહેવાય, પણ દેશ માટે તક કહેવાય! નોઈડા સ્થિત કંપની રિંગિંગ બૅલ્સ પ્રા. લિ. નિર્મિત દુનિયાના સૌથી સસ્તા એવા આ 'ફ્રિડમ ૨૫૧' મોબાઈલ ફોનમાં કઈ-કઈ સુવિધાઓ છે અને તેના માટે ગુરૂવારે સવારે ૬ વાગ્યાથી બૂકીંગ ચાલુ થવાનું છે એવા સમાચાર બુધવાર રાતથી દેશ આખો જાણતો હતો અને ગુરૂવાર સવારથી તો કૉમ્પ્યુટર કે મોબાઈલ ફોન લઈને સૌ લાગી પડ્યા બૂકીંગ કરાવવા. પણ એમ બૂકીંગ થાય ? વેબસાઈટને ૧ સૅકન્ડમાં ૬ લાખ જેટલી હિટ મળવા માંડી અને પછી ચક્કાજામ. ૧૧ વાગ્યા સુધીમાં તો બૂકીંગ પેજ પર કંપનીએ ક્ષમા માગવી પડી એવી હાલત થઈ ગઈ. કંપનીએ મહત્તમ ૨૪ કલાક માગ્યા બૂકીંગ વ્યવસ્થા પુનઃ ચાલુ કરવા માટે.

પરંતુ તેમ છતાં દિવસભર ચર્ચાનો મુદો તો આ ફોન જ રહ્યો. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીનો વિવાદ પણ મોળો લાગે એવો બે દિવસ આ સસ્તો ફોન દેશભરમાં લોકોનાં માનસ પર છવાયેલો રહ્યો! આનાથી બે બાબતો સ્પષ્ટ થઈ : પહેલી એ કે આ દેશના લોકોને આવી કોઈ તકની જરૂર છે, તકરારની નહીં. અને બીજી વાત એ કે આ દેશ ક્રાંતિ કરવામાં પહેલેથી આગળ છે. અહીંના યુવાનોને એકવાર તક આપી જુઓ, એ ક્રાંતિ કરીને રહેશે.




આ દેશે દુનિયાને શૂન્ય, અપૂર્ણાંક, આયુર્વેદ, સંસ્કૃત, નેવીગેશન, વર્ષના દિવસોની ગણતરી, પાઈનું મૂલ્ય, ગણિત (અંકગણિત, બીજગણિત, ભૂમિતિ સહિત), હીરા, વાયરલેસ કમ્યુનિકેશન, જળાશય , ડૅમ, ચૅસ, ઍનેસ્થેસિયા, સર્જરી (પથરી, પ્લાસ્ટીક સર્જરી, બ્રેઈન સર્જરી સહિત), શરીરશાસ્ત્ર (ઍનેટોમી, ફિઝીયોલૉજી, ઈટીયોલૉજી, ઍમ્બ્રિયોલૉજી, ડાયજેશન, મૅટાબોલીઝમ, જીનેટિક્સ અને ઈમ્યુનિટી) અને માનવ સભ્યતાની ભેટ આપી છે. તો હવે એ દુનિયાનો સૌથી સસ્તો ફોન આપી શકે એમાં નવાઈ શી ?

અચ્છી-અચ્છી કંપનીઝ આ ૨૫૧ રૂપિયાના મોબાઈલ ફોનથી મોંમાં આંગળાં નાખી ગઈ છે અને ફોન બજારમાં આવે એ પહેલાં એના ઉપર ટીપ્પણીઓ પણ શરૂ થઈ ગઈ છે : 'આ તો કેવી રીતે શક્ય છે ?.... ઍપલના આઈફોનની નકલ કરી છે.... આમાં કંઈક ગરબડ લાગે છે.... હજુ ફોનને હાથમાં આવવા તો દો.... બધા જ પ્રકારનાં લાયસન્સીઝ સાથે આ શક્ય નથી....' જેવી કેટલીય ટીપ્પણીઓ થઈ રહી છે. જોકે, નવી શરૂઆત કરનાર માટે આ કંઈ નવું નથી. જ્યારે-જ્યારે પણ દુનિયાને કંઈક નવું મળ્યું છે ત્યારે ત્યારે તે સર્જન કે તેના સર્જક માટે આવી ટીપ્પણીઓ થઈ જ છે.

ટીપ્પણીઓ સાચી પડે કે ખોટી એ સમય બતાવશે. પરંતુ, આ સ્વપ્નને હકીકત થતાં વાર નહીં લાગે કારણ કે આ સ્વપ્ન કોઈએ જોવાની હિંમત કરી છે અને જોયેલાં સ્વપ્નો સાકાર કરવાની હામ ને હૂનર બંને આ દેશમાં છે.

આ ઘટનાથી પ્રેરણા એ લેવાની કે એવી વસ્તુનો બિઝનેસ હાથ ધરો જે વસ્તુ લોકોને સૌથી વધુ સ્પર્શતી હોય, જેમાં લોકોને સૌથી વધારે રસ હોય. એવું કરશો તો તમારે બિઝનેસ શોધવા નહીં જવું પડે, બિઝનેસ તમને શોધતો આવશે.

અલબત્ત, હકીકત એ છે કે હાલ તો આ આખીય ઘટનામાં ઍઝ ઑલવેઝ લોકોની લાલચ જ બહાર આવી છે (એક ફોન બૂક કરાવ્યો હોય એવો એકેય વીરલો નહીં! ઉલ્ટું, સામસામે બડાઈ : બસ ? તમે પાંચ જ બૂક કરાવ્યા ? આપણે તો ડઝનનો ઑર્ડર આપી દીધો !). સોનું મફત મળતું હોય તો આપણી લંકા નહીં, લૅસ્ટર સુધી જવાની તૈયારી ! પણ લાલચને બદલે દુનિયા ક્રાંતિ તરીકે જેને ઓળખે અને ઉપયોગ તરીકે સાચવે એવી પહેલ કરવાની તૈયારી દેશમાનસમાં આવે એવા અભરખા આ લખનાર રાખે છે !




## ગાંધીનગરના પૂર્વ સૈનિકો જોગ

ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓમાં નિવાસ કરતા પૂર્વ સૈનિકો, પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓ તેમજ તેમના આશ્રિતોને પ્રધાનમંત્રીશ્રી દ્વારા શરૂ કરાયેલી નવી સામાજિક સુરક્ષા યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના અને અટલ પેન્શન યોજનાનો લાભ લેવા મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે આ નવીન યોજનાઓનો લાભ અગર કોઈ સૈનિકે લીધો હોય તો તેઓએ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદને જાણ કરવા કચેરીની યાદીમાં જણાવાયું છે.

## ચારુતર વિદ્યામંડળ દ્વારા બંદીઓને વ્યવસાયલક્ષી તાલીમ

ગાંધીનગર, તા. ૧૮

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર દ્વારા 'જેલ સુધારણા અભિયાન' અંતર્ગત બીજી ઑક્ટોબર, ૨૦૧૧થી બિલોદરા જેલ, નડિયાદ ખાતે વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે, જેમાં એક અદ્યતન કૉમ્પ્યુટર સૅન્ટરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ વ્યવસાયલક્ષી તાલીમ કૅન્દ્ર દ્વારા જેલના બંદીવાન વ્યક્તિઓ માટે વાયરમેન, કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર, ટૅલી, બ્યુટિશિયન ઍન્ડ હૅર કટીંગ, ફૅશન ડિઝાઈનીંગ જેવી વ્યવસાયલક્ષી તાલીમો યોજવામાં આવે છે. અત્યાર સુધીમાં આ જેલના કુલ ૧૫૭ ભાઈઓ અને ૫૪ બહેનો આ તાલીમ મેળવી ચૂક્યા છે.

વિદ્યામંડળ દ્વારા આ સફળતાને જોતાં વડોદરા મધ્યસ્થ જેલમાં પણ આધુનિક કૉમ્પ્યુટર સૅન્ટરની સ્થાપના ૨૦૧૨માં કરવામાં આવી અને અહીં ડેટા ઍન્ટ્રી ઑપરેટર તથા ડીટીપી ઑપરેટરના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા. ૨૨૫ જેટલા બંદીવાનોએ આ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

એ પછી ૨૦૧૩માં વિદ્યામંડળ દ્વારા લાજપોર મધ્યસ્થ જેલ ખાતે કૉમ્પ્યુટર સૅન્ટરનો આરંભ કરવામાં આવ્યો અને ૪૩૫ ભાઈઓ તથા ૩૨૦ બહેનોને બેઝીક કૉમ્પ્યુટર કોર્સની તાલીમ આપવમાં આવી.

સંસ્થાને ભૂજ જેલ દ્વારા પણ આ પ્રકારની પ્રવૃત્તિ માટે પ્રસ્તાવ મળ્યો છે, જે દિશામાં સંસ્થા કાર્યવાહી કરી રહી છે.